જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૭/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૨૦૩/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૧ | ૪,૪૨,૧૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રાણીપ પોલીસ સ્ટેશન

## ચોરી થયેલ એકટીવા તથા આરોપીને ગણતરીના દિવસોમાં પકડી કાયદેસર કાર્યવાહી કરતી રાણીપ પોલીસ

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સયુકત પોલીસ કમિશ્નરશ્રી સે-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા એ.સી.પી.શ્રી “એલ” ડિવીઝન સાહેબનાઓએ મિલ્કત સબંધી ચોરીના ગુના શોધી કાઢવા કરેલ સુચના આધારે રાણીપપો.ઇન્સ.શ્રીપી.બી.ખાંભલા સાહેબના માર્ગદર્શન હેઠળ રાણીપ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સએમ.એસ.ગોહેલ નાઓસાથેમ.સ.ઇ બીપીનકુમાર હરગોવિનદાસ બનં-૮૦૦૮ તથા અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બનં-૪૦૮૪ તથા અ.હેકો. દેવકરણભાઇ અજાભાઇ બ.નં ૫૫૫૯ તથા અ.લો.ર સુડાભાઇ વિરમભાઇ બનં-૧૨૩૧૩ તથા અ.લો.ર પ્રવિણભાઇ ઇશ્વરભાઇ બનં-૧૨૨૯૫ એ રીતેના વિસ્તાર પેટ્રોલીંગમાંહતાદરમ્યાન અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બનં-૪૦૮૪ તથા.અ.લો.ર સુડાભાઇ વિરમભાઇ બનં-૧૨૩૧૩ નાઓનેસયુંકત બાતમીહકીકત મળેલજે બાતમી આધારે આરોપીની વોચમા રહી ચોર ઇસમને પકડી ચોરી કરેલ એક્ટીવા જેનો આર.ટી.ઓ રજીસ્ટ્રેશન નંબર-GJ-01-UR-9622 જે ચાવી સહીતનુ જેનો એન્જીનનં-JF50EW0106251 તથા ચેસીસ નં-ME4JF50AFKW106217 જેની કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-ની ગણી રાણીપ પોસ્ટે.ગુ.ર.નં.પાર્ટ “એ” ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૨૦૪૫૨/૨૦૨૨ ધી ઈ.પી.કો.કલમ-૩૭૯ મુજબના ગુનાના કામે ચોરીમા ગયેલ મુદ્દામાલ સાથે આરોપી પકડી ગુનો શોધી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા.૦૬/૦૭/૨૦૨૨

<u>પકડાયેલ આરોપી</u> :-સંજયકુમાર દીલીપભાઈ જાતે-ચૌધરી ઉ.વ-૩૨ ધંધો-ખેતીકામ રહે-ગામ–મેઘાઅલીયાસણ તા-વીસનગર જી-મહેસાણા

<u>કામગીરી કરનાર અધિકારી- કર્મચારી –</u>

પો.સબ.ઇન્સ .એમ.એસ.ગોહેલ સાહેબ તથા મ.સ.ઇ બીપીનકુમાર હરગોવિનદાસ બનં-૮૦૦૮ તથા અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ  બનં-૪૦૮૪ તથા અ.હેકો. દેવકરણભાઇ અજાભાઇ બ.નં ૫૫૫૯ તથા અ.પો.કો. તથા અ.લો.ર સુડાભાઇ વિરમભાઇ બનં-૧૨૩૧૩ તથા  અ.લો.ર પ્રવિણભાઇ ઇશ્વરભાઇ બનં-૧૨૨૯૫

<u>કબ્જે કરેલ મુદામાલ-</u> એક્ટીવા જેનો આર.ટી.ઓ રજીસ્ટ્રેશન નંબર-GJ-01-UR-9622 કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૫૪ લીટર દેશી દારૂ અને ૨૬ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૩૨ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૮૭,૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૬/૨૦૨૨**

**સાયબર ક્રાઇમઃ** અલ્કેશભાઇ સિરાજઅલી ગાંગાણી (ઉ.વ.૩૪)(રહે,અલબુર્જ સોસાયટી, અમ્પાયર પાર્ટી પ્લોટની બાજુમાં મકરબા રોડ મકરબા) એ તા.0૬/0૭/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.0૩/0૭/૨૦૨૨ સાંજના ૬/30 થી તા.0૪/0૭/૨૦૨૨ સવારના ૮/00 વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૯૯૭૭૮૮૧૬૯૯ ના ધારકે તેમજ અલગ-અલગ બેંક એકાઉન્ટના ધારકોએ ભેગામળી વોડાફોન કસ્ટમર કેરમાં કોલ કરી અલ્કેશભાઇની કંપનીના "ધી કાલુપુર કોમર્શીયલ કો.ઓ. બેંક લીમીટેડ આનંદનગર બ્રાન્ચના ચાલુ ખાતામાં રજીસ્ટર્ડ અલ્કેશભાઇના મોબાઇલ ફોન નંબરનુ સિમકાર્ડ બંધ કરાવી ઇન્ટરનેટ બેંકીંગના માધ્યમથી અલ્કેશભાઇની જાણ બહાર તેમની કંપનીના ચાલુ ખાતામાંથી કુલ રૂપિયા ૨,૩૯,00,000/- ઓનલાઇન RTGS મારફતે જુદા-જુદા એકાઉન્ટોમાં ટ્રાન્સફર કરી લઇ, તેમાંથી રત્નાકર બેંકના ખાતામાંથી રૂપિયા ૧૦,00,000/- પરત અલ્કેશભાઇના ખાતામાં રીવર્સ કરી બાકીના કુલ રૂપિયા ૨,૨૯,00,000/- મેળવી લઇ અલ્કેશભાઇની કંપની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

**વેજલપુરઃ** ઉષાબહેન વા/ઓ કેવલાપ્રસાદ પ્રજાપતિ (ઉ.વ.૪૩)(રહે.ગોકુલધામ એપાર્ટમેન્ટ, વેજલપુર) એ તા.0૬/0૭/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી (૧) પરાગ રમેશભાઇ ચિત્તે (રહે.માધવ ફ્લેટ, રબારી વાસ, જલારામ ફ્લેટ પાસે, વેજલપુર) અને (૨) અરૂણભાઇ ચન્દ્રકાન્તભાઇ ઠક્કર (રહે.સોમેશ્વર એપાર્ટમેન્ટ પ્રેરણાતીર્થ દેરાસરની બાજુમા સેટેલાઇટ) એ ભેગામળી ઉષાબહેન ને "મુખ્યમંત્રી આવાસ યોજના" નું મકાન અપાવવાનો વિશ્વાસ અપાવી માહે જુન/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઉષાબહેન પાસેથી કુલ રૂપિયા ૮,૧૦,000/- મેળવી લઇ આજદિન સુધી મકાન નહી અપાવી ઉષાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**ચોરીઃ** **સમાચાર યાદી નં.૧૨૦૭/૨૦૨૨**

**નરોડાઃ** કૈલાશબહેન વા/ઓ જગતસિંહ ચૌહાણ (ઉ.વ.૬૦)(રહે.જલ્પા રો-હાઉસ ઉદય ટેનામેન્ટની બાજુમાં નિકોલ રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૭/૨૦૨૨ કલાક ૧૨/૦૦ થી ૧૨/૧૫ વાગ્યા દરમ્યાન નરોડા એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ થી નરોડા ગેલેક્ષી બેઠક વચ્ચે આવેલ પેટ્રોલપંપ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ ભેગામળી કૈલાશબહેનની નજર ચુકવી બેગમાંથી પર્સ ચોરી કરી લીધુ હતુ. જે પર્સમાં સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની વીંટી કિમત રૂપિયા ૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦/- મતાની હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**ઇસનપુરઃ** હર્ષિદાબહેન વા/ઓ ધર્મેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ.૪૬)(રહે.જયનગર વિજયનગર સોસાયટીની બાજુમા મહાદેવનગર વસ્ત્રાલ રોડ વસ્ત્રાલ) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૨ બપોરના ૧/૩૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન રબારી કોલોની ચાર રસ્તાથી નારોલ સર્કલ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષામાં બેસેલ પુરૂષે હર્ષિદાબહેનની નજર ચુકવી કપડાના થેલામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૪,૫૦૦/-, સોનાની સેર એક જોડ કિમત રૂપિયા ૧૩,૦૦૦/-, સોનાની લટકણી સેર એક જોડ કિમત રૂપિયા ૩,૫૦૦/- મળી કુલ રૂપિયા ૩૬,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૮/૨૦૨૨**

**નરોડાઃ** ઉર્મીલાબહેન વા/ઓ દશરથભાઈ પંડ્યા (ઉ.વ.૨૮)(રહે.સંકલ્પ એવન્યુ, મહેશ્વરી સોસાયટીની પાસે કઠવાડા રોડ નરોડા) એ તા.૦૬/૦૭/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે નરોડા-દહેગામ રોડ "સ્થાપત્ય એલીગન્સ" સોસાયટી નજીક બે સ્ત્રી અને એક પુરૂષે ભેગામળી ઉર્મીલાબહેનને ચપ્પુ બતાવી ઉર્મીલાબહેનને પહેરેલ સોનાનો દોરો પેડલ સાથે, સોનાની બુટ્ટી તેમજ સોનાની બુટ્ટી અને નાનુ સોનાનુ પેડલ મળી કુલ કિમત રૂપિયા ૫૫,૦૦૦/- કઢાવી લઈ રીક્ષામા બેસી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.રાવળ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૯/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** તેજસભાઈ ગોવર્ધનભાઈ પટેલ (ઉ.વ.૩૭)(રહે.ધર્મનાથ પ્રભુ સોસાયટી સેન્ટમેરી સ્કૂલ સામે આદિશ્વર કેનાલ આદિશ્વર નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૭/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**ઇસનપુરઃ** જંયતિભાઇ વિષ્ણુભાઇ ચૌહાણ (ઉ.વ.૩૨)(રહે.કૃષ્ણકુંજ સોસાયટી વિરાટનગર પાસે ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાઇપ સાથે ઓઢણું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.હડીયલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી